# આઈપીએલ-૮ : દિલ્હી, મુંબઈ, જયપુરમાં દરોડા

નવી દિલ્હી,તા. ૨૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આજે સવારે હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ સટ્ટા કોંભાંડના સંબંધમાં દેશના વાણિજ્ય પાટનગર મુંબઈ અને જયપુરમાં વ્યાપક દરોડા પાડતા ખળભળાટ મચી ગયો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દિલ્હી અને અન્ય સ્થળો પર પણ વ્યાપક દરોડા પાડવામાં આવ્યા હતા. વહેલી સવારથી જ દરોડાની કાર્યવાહી શરૂ થઈ ગઈ હતી, જેમાં મોટી સંખ્યામાં અધિકારીઓ જોડાયા હતા. જુદા-જુદા સ્થળો ઉપર દરોડાની કાર્યવાહી દરમિયાન દસ્તાવોજમાં ઊંડી ચકાસણી કરવામાં આવી હતી. કેટલાક દસ્તાવેજો જપ્ત પણ કરવામાં આવ્યા હતા. વ્યક્તિગતોને પણ દરોડાની કાર્યવાહી દરમિયાન આવરી લેવાયા હતા. ઈડી દ્વારા થોડાક સમય પહેલા ગુજરાતના વડોદરામાં મોટા બેટિંગ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ભારતમાં હાલના દિવસોમાં અનેક જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા છે. પાંચ બુકીની હાલમાં ધરપકડ કરવામાં આવી હતી.


હવાલા રેકેટ ચલાવવા માટે ઈડી દ્વારા બે લોકોની ધરપકડ કરવામાં આવ્યા બાદ અન્યોની ધરપકડ કરવામાં આવી હતી. મળેલી માહિતી મુજબ આગામી થોડાક દિવસોમાં દરોડાનો દોર જારી રહે તેવી શકયતા છે. ઈડી દ્વારા મામલાની જડ સુધી પહોંચવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઈડીના અધિકારીઓને શંકા છે કે આઈપીએલની આ સિઝનની કેટલીક મેચો ફિક્સ હોઈ શકે છે. ઈડીના સુત્રોએ કહ્યુ ંછે કે હાલમાં ચાલી રહેલી મેચો પર દરેક મેચ પર ૬૦૦થી ૮૦૦ કરોડનો સટ્ટો રમાઈ રહ્યો છે. તમામ ધરપકડ કરવામાં આવ્યા બાદ તમામની સામે પીએમએલએ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામા આવી રહી છે. ઈડીના અધિકારીઓ એવી ખાતરી કરવાના પ્રયાસ કરી રહ્યા છે કે આરોપીને જામીનન મળી જાય. દરોડાનો દોર દિવસ દરમિયાન જારી રહે તેવી શક્યતા છે. ઈન્ડિયન પ્રીમિયર લીગમાં દરરોજ નવી-નવી વિગતો સપાટી પર આવી રહી છે. આવનાર દિવસોમાં વધુ કેટલીક વિગતો ખુલી શકે છે. મેચો ઉપર સટ્ટાને લઈને ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. આઈપીએલમાં દરેક મેચ ઉપર હજુ પણ સટ્ટો લાગી રહ્યો છે. આઈપીએલની કેટલીક મેચો હજુ બાકી છે. એવી પણ માહિતી મળી છે કે, વધુ એક શખ્સની પઠાણકોટમાંથી ધરપકડ કરાઈ છે. તેની પાસેથી જંગી દસ્તાવેજો જપ્ત કરાયા છે.



# મોદી સરકાર સુધારાની દિશામાં ઝડપથી આગળ વધી છે : જેટલી

નવી દિલ્હી, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારની કામગીરી ઉપર પ્રકાશ ફેંકતા નાણાં મંત્રી અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર સુધારાની દિશામાં આગળ વધવા માટે કટિબદ્ધ છે.જેટલીએ કહ્યું હતું કે, અમારી સૌથી મોટી ઉપલબ્ધી ભ્રષ્ટાચારમુક્ત સરકાર આપવાની રહી છે. અમે સરકારી અને રાજકીય ભ્રષ્ટાચારને રોકવામાં સફળ રહ્યા છે. અગાઉની યુપીએ સરકાર ઉપર પ્રહારો કરતાં તેમણે કહ્યું હતું કે, અનેક મુદ્દાઓ ઉપર યુપીએ સરકારમાં વિરોધાભાષી અભિપ્રાયો એક વર્ષ અગાઉ દેશમાં નિરાશાનો માહોલ હતો જે હવે ખતમ થઈ ચુક્યો છે. મુખ્ય વિપક્ષી દળની




ભૂમિકા વિકાસ વિરોધી તરીકેની હતી. ગયા વર્ષે દેશને દિશા આપવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. અમે ભ્રષ્ટાચારમુક્ત વહિવટી તંત્ર આપી રહ્યા છીએ. છેલ્લા એક વર્ષ દરમિયાન દુનિયામાં ભારતનું માનસન્માન વધ્યું છે. દુનિયામાં ભારતને લઈને વાતાવરણ સર્જાયું છે. નાણાંમંત્રીએ કહ્યું હતું કે, મોદી સરકારે ઉર્જા, કોલસાના ક્ષેત્રમાં પારદર્શક્તા ઉપર ભાર મુક્યો છે. અર્થવ્યવસ્થાના મામલામાં હવે ઉત્સાહનો માહોલ છે. દેશનો વિકાસદર વધ્યો છે. સરકાર ઝડપથી નિર્ણયો લઈ રહી છે. આ સરકારની વિશેષતા એ છે કે, કઠોર અને જટીલ સ્થિતિમાં પણ ઝડપી નિર્ણયો લેવાઈ રહ્યા છે. ઝડપી ગતિથી નિર્ણયો લેવાની બાબત સરકારની ઓળખ બની ગઈ છે. તેજ વિકાસથી ટિકાકારો પણ પરેશાન થયેલા છે. દેશ કઈ દિશામાં જશે તેને લઈને સરકારમાં કોઈ વિખવાદ નથી. મોંઘવારીને ઘટાડવાની બાબત સરકારની પ્રાથમિક્તા છે. જેટલીએ કહ્યું હતું કે, જીએસટીના મુદ્દા ઉપર સરકારે કઠોર નિર્ણયો કર્યા છે. ટૂંક સમયમાં રાજ્યસભામાં જીએસટી પસાર થશે. ટેક્સ વિકાસને વધારનાર એક પ્રથા છે જેથી ટેક્સ પ્રક્રિયાને સરળ કરવામાં આવી છે. આ સરકારમાં કોલસા અને સ્પેક્ટ્રમ વિવાદ ખતમ થઈ ગયા છે. પારદર્શી માહોલ સર્જાયો છે. મૂડીરોકાણકારોની દહેશતને દૂર કરાઈ છે. કરવેરા માળખાને આંતરરાષ્ટ્રીય સ્તર પર લાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. પ્રત્યક્ષ કરમાં છુટછાટના દરો વધારી દેવાયા છે. ઈન્કમટેક્સમાં બે વખત રાહત અપાઈ છે જેથી લોકોના ખિસ્સામાં વધુ પૈસા રહે. ખનીજ ધરાવતા રાજ્યોને પણ રાહત આપવામાં આવી છે. કેન્દ્રના સંશાધનોમાં રાજ્યની હિસ્સેદારી વધી છે. કેન્દ્ર સાથે સહકારમાં રાજ્યોની વિચારધારા બદલાઈ છે. રાજકીય વિરોધ છતાં કેન્દ્ર સાથે રાજ્યોનો સહકાર વધી રહ્યો છે. જેટલીએ આશા વ્યક્ત કરી હતી કે સબ્સિડી જરૂરીયાતવાળા લોકો સુધી જ રહે તે જરૂરી છે. છ મહિનામાં સૌથી વધારે મૂડીરોકાણ થયું છે. કંપની એક્ટમાં સરળતા લાવવાના પ્રયાસ પણ થયા છે. રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે ૫૫ દિવસની રજા અને મોદીના વિદેશ પ્રવાસમાં અંતર છે.

# આજે જયલલિતાની મુખ્યપ્રધાન તરીકે તાજપોશી

ચેન્નાઈ,તા. ૨૨

સમગ્ર દેશને હચમચાવી મુકનાર અને તમિળનાડુની રાજનિતીમાં ભૂકંપ સર્જનાર અપ્રમાણ સંપત્તિ કેસમાં હાલમાં જ કર્ણાટક હાઈકોર્ટ દ્વારા નિર્દોષ છોડી મુકવામાં આવ્યા બાદ અન્નાદ્રમુકના નેતા જયલલિતા ફરી આજે પાર્ટી ધારાસભ્યોની યોજાયેલી બેઠકમાં પાર્ટીના નેતા તરીકે સર્વસંમતિથી ચૂંટાઈ આવ્યા હતા. આની સાથે જ તેમની તમિળનાડુના મુખ્યપ્રધાન તરીકે તાજપોશીનો માર્ગ મોકળો થઈ ગયો હતો. ૬૭ વર્ષીય જયલલિતા ચોથી વખત તમિળનાડુના મુખ્યપ્રધાન બનવા જઈ રહ્યા છે. આજે યોજાયેલી પાર્ટીના ધારાસભ્યોની બેઠક માત્ર પાંચ મિનિટ સુધી જ ચાલી હતી. બીજી બાજુ જયાની ગેરહાજરીમાં મુખ્યપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી રહેલા પન્નીરસેલ્વમે રાજુનામુ આપી દીધુ હતુ. તેમના રાજીનામાને સ્વીકારી લેતા તેમના રાજીનામાનો સ્વીકાર થયો છે. જયલલિતા હવે આવતીકાલે સવારે ૧૧ વાગ્યે તમિલનાડુના મુખ્યમંત્રી તરીકેના શપથ લેશે. રાજભવનથી પરત ફર્યા બાદ જયલલિતાએ અન્નાદ્રમુકના સ્થાપક નેતા એમજી રામચંદ્રનને પુષ્પાંજલિ આરી હતી. જયલલિતા અગાઉ રાજ્યપાલ કે રૌસેયાને મળ્યા હતા અને પ્રધાનોની યાદી સોંપી હતી.



અન્નાદ્રમુકના પ્રવક્તા સીઆર સરસ્વતીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું છે કે, તાજપોશીની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે, જયલલિતાને હાલમાં જ અપ્રમાણ સંપત્તિ કેસમાં રાહત મળી છે. જયલલિતા મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા બાદ ચેન્નાઈ મત વિસ્તારમાંથી ચુંટણી લડે તેવી શક્યતા છે. કારણકે, ધારાસભ્ય બન્યા બાદ છ મહિનાની અંદર તેમને શપથ લેવા પડશે.અત્રે ઉલ્લેખનીય છે કે, કર્ણાટક હાઈકોર્ટની ખાસ બેંચે અપ્રમાણ સંપત્તિ કેસમાં ૧૧મી મેના દિવસે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન અને અન્નાદ્રમુકના નેતા જયલલિતાને આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. ટુંકી સુનાવણી દરમિયાન જ કોર્ટે તેનો ચુકાદો આપ્યો હતો. હાઈકોર્ટે તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જે. જયલલિલાને આવરી લેતા ૬૬.૬૫ કરોડના ભ્રષ્ટાચારના કેસમાં તેનો ચુકાદો જાહેર કરતાની સાથે જ તેમના સમર્થકોમાં રાહતનુ મોજુ ફેલાઈ ગયું હતુ. કર્ણાટક હાઈકોર્ટે નીચલી કોર્ટના ચુકાદાને બિલકુલ બદલી નાંખ્યો હતો.હાઈકોર્ટે નિચલી કોર્ટના ચુકાદાને રદ કર્યા બાદ જયલલિતાના મુખ્યમંત્રી તરીકે વાપસીનો તખ્તો ગોઠવાઈ ગયો હતો. કોર્ટે નીચીલી કોર્ટના ચુકાદાને ફગાવીને જયાને નિર્દોષ જાહેર કર્યા હતા. જો નીચલી કોર્ટના ચુકાદાને જાળવી રાખવામાં આવ્યો હોત અથવા તો સજા ઓછી કરાઈ હોત તો પણ જયાની રાજકીય કારકિર્દીનો અંત આવી ગયો હોત. સજા થવાની સ્થિતીમાં જયાઅને અન્યોને શરણાગતિ સ્વીકારવી પડી હોત. જસ્ટીસ સીઆર કુમારસ્વામીની સિંગલ બેંચ દ્વારો આ ચુકાદો આપવામાં આવ્યો હતો. જે આરોપોમાં જયલલિતાને અપરાધી ઠેરવવામાં આવ્યા હતા અને ટ્રાયલ કોર્ટ દ્વારા સજા કરવામાં આવી હતી તે ટકી શક્યા નહતા. જયલલિતાની અરજીને યોગ્ય ઠેરવવામાં આવી હતી. ગયા વર્ષે ૨૭મી સપ્ટેમ્બરના દિવસે બેંગલોરમાં ટ્રાયલ કોર્ટે જયલલિતા અને અન્ય ત્રણને અપરાધી ઠેરવ્યા હતા. કોર્ટે જયલલિતાને ચાર વર્ષની જેલની સજા અને ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. અન્ય ત્રણને પણ જેલની સજા ફટકારી હતી. ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને કરવામાં આવેલી અરજી પર ફેંસલાને લઈને તમામની નજર પહેલાથી જ હતી. જસ્ટીસ સીઆર કુમારસ્વામીની સ્પેશિયલ વેકેશન સિંગલ બેન્ચ દ્વારા સુનાવણી કરવામાં આવી હતી. ખાસ અદાલતના જજ જહોન માઈકલ ડી કુનહાએ ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જયલલિતાને આવકના તેમના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરવાના મામલામાં દોષિત ઠેરવીને ચાર વર્ષની આકરી જેલની સજા ફટકારી હતી. આ સજાની સાથે જ જયલલિતાની મુખ્યમંત્રી તરીકેનો હોદ્દો પણ જતો રહ્યો હતો. જયલલિતાની રાજકીય કારકિર્દીમાં અનેક ઉતારચઢાવ આવ્યા હતા. તેઓ તમિળનાડુના રાજકારણમાં સૌથી લોકપ્રિય નેતા પૈકીના એક તરીકે રહ્યા છે.પનીરસેલ્વમે રાજીનામું આપતા તેમના ૮ મહિનાના ગાળાનો અંત આવી ગયો હતો. પનીરસેલ્વમે ગયા વર્ષે ૨૯મી સપ્ટેમ્બરના દિવસે મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા હતા. જયલલિતાને પદભ્રષ્ટ કરાયાના બે દિવસ બાદ તેઓએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

# મોદી સરકાર પર અરવિંદ કેજરીવાલના આકરા પ્રહારો

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હીમાં અધિકારીઓની પોસ્ટિંગ અને ટ્રાન્સફરને લઈને લેફ્ટી ગવર્નર નજીબ જંગ સાથે ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે એલજીની સત્તાઓ અંગે જાહેરનામાની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાછલા બારણેથી દિલ્હી સરકારને ચલાવી રહ્યા છે. દિલ્હીને પાછલા બારણેથી ચલાવીને ભ્રષ્ટ લોકોને બચાવવામાં આવી રહ્યા છે. લેફ્ટી ગવર્નરની તરફેણ કરતાં જાહેરનામા જાહેર કરીને દિલ્હીના લોકો સાથે વિશ્વાસઘાત કરવામાં આવી રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા જાહેરનામું જારી કરાયાના કલાકો બાદ જ મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું હતું કે, ભાજપ અને કેન્દ્ર સરકારની નર્વસનેસ આમાં દેખાઈ આવે છે. તેમની સરકાર દ્વારા ભ્રષ્ટાચાર વિરોધી પ્રયાસો કરાઈ રહ્યા છે. તેને લઈને ભાજપ નર્વસ છે. મુખ્યમંત્રીએ આક્ષેપ કર્યો હતો કે, નજીબ જંગ પીએમઓ તરફથી કરવામાં આવી રહેલા આદેશો પાળી રહ્યા છે અને ચહેરા તરીકે કામ કરી રહ્યા છે. કેજરીવાલે કહ્યું હતું કે, નજીબ જંગ પીએમઓના ઈશારે ચાલી રહ્યા છે. એએપી સરકાર જાહેરનામાના સંદર્ભમાં બંધારણીય નિષ્ણાંતોના અભિપ્રાય મેળવી રહી છે. નિર્ણય આ મુજબ જ લેવામાં આવશે. બીજીબાજુ કેજરીવાલના નાયબ મનીષ સિસોદિયાએ આક્ષેપ કર્યો છે કે, આ ઘટનાક્રમ દર્શાવે છે કે, વડાપ્રધાન મોદી અને ગૃહ પ્રધાન રાજનાથસિંહ ભ્રષ્ટાચાર સમક્ષ જુકી ગયા છે અને ટ્રાન્સફર-પોસ્ટિંગ ઈન્ડસ્ટ્રીની તરફેણમાં કામ કરી રહ્યા છે. આ ઈન્ડસ્ટ્રીને એએપી સરકારે છેલ્લા ૩ મહિનાના ગાળામાં રોકી દીધી છે. સિસોદિયાએ કહ્યુ હતું કે, અગાઉ ટ્રાન્સફર માટે ઘણા બધા નાણાંની આપ-લે થતી હતી. પરંતુ હવે એએપીના સરકારમાં આ પ્રક્રિયા બંધ થઈ ચુકી છે, એક વખતે આ પ્રક્રિયા બંધ થયા બાદ કોંગ્રેસ અને ભાજપના લોકોને કોન્ટ્રાક્ટ મળવામાં નિષ્ફળતા મળી રહી છે. ત્યારબાદ તેઓ પીએમઓ પાસે ગયા હતા અને હવે જાહેરનામું લઈ આવ્યા છે. ભાજપ અને કોંગ્રેસ દિલ્હીમાં તેમના પોતાના અધિકારીઓને જોવા ઈચ્છે છે. સરકારી કોન્ટ્રાક્ટ પણ તેમના લોકોને મળે તેમ ઈચ્છે છે. જેથી એલજી મારફતે ટ્રાન્સફર-પોસ્ટિંગ ઈન્ડસ્ટ્રી ઉપર વર્ચસ્વ ઈચ્છે છે. જાહેરનામું લાવીને કેન્દ્ર સરકારે દિલ્હીના લોકો સાથે વિશ્વાસઘાત કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયનું કહેવું છે કે, ઘણા મામલામાં એલજી અધિકાર ક્ષેત્ર ધરાવે છે. તેઓ મુખ્યમંત્રી સાથે જરૂરી લાગે ત્યારે વાત કરી શકે છે. કેજરીવાલે કહ્યું છે કે, આ પ્રકારના પગલા ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપશે. સરકાર દિલ્હીના ઈતિહાસમાં સૌથી ઈમાનદાર પૈકીની એક તરીકે રહી છે. જંગે ક્યારેય પણ દિલ્હીના લોકો માટે વીજ પુરવઠા અથવા તો પાણી અંગે વાત કરી નથી. તેમણે માત્ર ટ્રાન્સફર અને પોસ્ટિંગમાં રસ છે. દિલ્હીના મુખ્યમંત્રીએ કહ્યું છે કે મોદી સરકાર દિલ્હીને ચલાવવાના પ્રયાસ કરી રહ્યા છે. ભાજપના ત્રણ ધારાસભ્યો મારફતે આ કવાયત ચાલી રહી છે.

# એલઓસી પર ગોળીબારમાં ૩૦ ટકાનો નોંધપાત્ર ઘટાડો : પારિકર

નવી દિલ્હી,તા. ૨૨

અશાંત જમ્મુ કાશ્મીરમાં ભારતીય સેના હાલમાં ત્રાસવાદીઓની સામે ગુપ્ત માહિતી એકત્રિત કરીને તેમને ટાર્ગેટ બનાવી રહી છે. છેલ્લા એક વર્ષના ગાળામાં પાકિસ્તાન સાથેની સરહદ અથવા તો એલઓસી પર ગોળીબાર અને ઘુસણખોરીમાં ૩૦ ટકાનો ઘટાડો થઇ ગયો છે. સરકાર આ મામલે હજુ હળવી નિતીના મુડમાં નથી. જેથી ત્રાસવાદીઓ અંગે ગુપ્ત માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. તેમના અંગે માહિતી મળ્યા બાદ કાર્યવાહી કરવામાં આવી રહી છે. મોદી સરકારે અસરકારક વ્યુહરચના અપનાવી છે. ભારતના સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે માહિતી આપતા કહ્યું છે કે સ્થિતી હવે કાબુમાં છે. તેમણે કહ્યુ ંહતું કે ત્રાસવાદીઓની સામે તેમની રણનિતી પહેલા તેમની ઓળખ કરવાની અને ત્યારબાદ તેમને બિનઅસરકારક બનાવી દેવાની રહી છે. ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવા માટે માહિતી એકત્રિત કરવામાં આવી છે. આ ગાળા દરમિયાન જાનમાલનુ નુકસાન ઓછુ થાય તેવી ગણતરી કરવામાં આવી રહી છે.

રક્ષામંત્રી મનોહર પારિકરે એક મુલાકાતમાં આ મુજબની વાત કરી હતી.



ત્રાસવાદીઓની સામે સેનાને રેન્ડમ ઓપરેસનના બદલામાં સર્જિકલ સ્ટ્રાઇકની કાર્યવાહી કરવા માટે કહેવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૪માં પણ સેનાએ ૧૧૦ ત્રાસવાદીઓને ટાર્ગેટ બનાવ્યા હતા. જે છેલ્લા ચાર વર્ષમાં સૌથી મોટો આંકડો છે. પારિકરે જમ્મુ કાશ્મીર અને સિયાચીનની યાત્રા પહેલા એક ટીવી ચેનલને આપેલી વાતચીતમાં આ મુજબની વાત કરી હતી.રક્ષામંત્રી મનોહર પારિકરે કહ્યુ ંહતું કે ત્રાસવાદનો અંત લાવવા માટે સરકાર તૈયાર છે. ત્રાસવાદી સંગઠનો વચ્ચે ભેદભાવની સ્થિતીનો પણ લાભ લેવામાં આવી રહ્યો છે.કેટલાક લોકોને પૈસાની અછતના કારણે ત્રાસવાદી ગતિવિધીમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. ચીન સાથે જોડાયેલી સરહદના મામલે તેમણે કહ્યુ ંહતુ ંકે હાલમાં ધોરણે જ સેનાની નવી માઉન્ટેન સ્ટ્રાઇક કોર્પ્સ પર બ્રેક છે. અગાઉની સરકારે ફંડ આપ્યા વગર અને યોજના વગર તેને મંજૂરી આપી હતી.

## પારિકરની શિયાચીન બેઝ કેમ્પમાં સૈનિકો સાથે ચર્ચા


શ્રીનગર,તા. ૨૨

સંરક્ષણ મંત્રી મનોહર પાર્રિકરે આજે શિયાચીન બેઝ કેમ્પમાં સૈનિકો સાથે વાતચીત કરી હતી. આ ઉપરાંત ઉત્તરીય ગ્લેશિયર શિયાચીનનું હવાઈ સર્વેક્ષણ કર્યુ હતું અને બેઝ કેમ્પમાં સૈનિકોને મળ્યા હતા. તેમની સાથે સેનાના વડા દલબીરસિંહ સુહાગ પણ રહ્યા હતા. સંરક્ષણ મંત્રી આજે સવારે લદાખ પ્રદેશમાં થોઇસમાં ઉતર્યા હતા અને તેમની જમ્મુ-કાશ્મીરની બે દિવસની યાત્રા શરૂ કરી હતી. રાજ્યમાં સુરક્ષા પાસાની સુરક્ષા સમીક્ષા કરવામાં આવી રહી છે. સંરક્ષણ મંત્રી હાલમાં આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. મંત્રી ત્યારબાદ હેલિકોપ્ટર મારફ્તે શિયાચીન બેઝ કેમ્પ ખાતે પહોંચ્યા હતા અને વોર મેમોરિયલ ઉપર પુષ્પાંજલિ આપી હતી. જવાનોના સાહસની તેઓએ પ્રશંસા કરી હતી. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં સંરક્ષણ મંત્રી તરીકેનો હવાલો સંભાળી લીધા બાદ તેમની આ બીજી જમ્મુ-કાશ્મીર યાત્રા છે. મનોહર પારિકરે નોર્થન ગ્લેશિયરનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું જેમાં શિયાચીનનો સમાવેશ થાય છે. મોડેથી તેઓ લેહ પહોંચ્યા હતા જ્યાં જનરલ ઓફિસર કમાન્ડીંગ ઓફ આર્મીના અધિકારીઓએ તેમને પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી. ચીની સેના અને પાકિસ્તાનની સેના અંગે માહિતી આપવામાં આવી હતી. મનોહર પારિકર આવતીકાલે જમ્મુ જશે અને પુંછ સેક્ટરમાં અગ્રીમ ચોકીઓની મુલાકાત લેશે. જમ્મુ પ્રદેશમાં સુરક્ષા પાસા અંગે પણ તેઓ આર્મી અધિકારીઓ સાથે વાતચીત કરનાર છે.

# મેગી નુડલ્સને ખેંચી લેવાના આદેશને નેસ્લે દ્વારા પડકાર

નવી દિલ્હી,તા. ૨૨

નેસ્લે ઈન્ડિયા લીમિટેડે મેગી નુડલ્સની બેચને પરત ખેંચી લેવા ઉત્તરપ્રદેશમાં ક્ષેત્રીય ફૂડ ઈન્સપેક્ટરો તરફથી કરવામાં આવેલા આદેશને પડકાર ફેંકી દીધો છે. આવનાર દિવસોમાં આ મામલો વધુ ગરમ બને તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મેગી નુડલ્સમાં ખતરનાક લીડનું પ્રમાણ રહેલું છે તેવા આધાર ઉપર આ આદેશ કરવામાં આવ્યો હતો. એક યાદીમાં નેસ્લે ઈન્ડિયા લીમિટેડે કહ્યું છે કે, કંપની આ આદેશ સાથે બિલકુલ સહમત નથી. સત્તાવાળાઓ સમક્ષ રજુઆત કરવાના મૂડમાં તે દેખાઈ રહી છે. ઉત્તરપ્રદેશમાં ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનીસ્ટ્રેશન દ્વારા જણાવાયુંછે કે, ઈન્સટન્ટ નુડલ્સના બે ડઝન પેકેટ ઉપર રુટિંગ ટેસ્ટ




દરમિયાન લીડનું ઊંચું પ્રમાણ તેમાં મળી આવ્યું હતું. નેસ્લે ઈન્ડિયા દ્વારા ઈન્સટન્ટ નુડલ્સ બનાવવામાં આવે છે. સ્વિસ સ્થિત નેસ્લે એસએની ગૌણ કંપની નેસ્લે ઈન્ડિયા દ્વારા ઈન્સટન્ટ નુડલ્સ બનાવવામાં આવે છે. સ્થાનિક એફડીએના અધિકારીઓએ કહ્યુંછે કે, ઈન્સટન્ટ નુડલ્સના તમામ પેકેટમાં સરકારી લેબોરેટરીમાંચકાસણી કરવામાં આવી હતી. નેસ્લે ઈન્ડિયાએ કહ્યું છે કે, ૨૦૦૦૦૦ નુડલ્સના પેકેટને ગયા વર્ષે ફેબ્રુઆરીમાં પરત ખેંચી લેવા માટે કહેવામાં આવ્યું હતું અને હવે આ મામલામાં અમે લડત ચલાવવા માંગીએ છીએ. આમાં જણાવાયું છે કે, ડિસ્ટ્રીબ્યુટરો અને રિટેલર્સ પાસેથી બેસ્ટ બિફોર ડેથ નમુનો લેવામાં આવ્યો હતો. નેસ્લે ઈન્ડિયાએ કહ્યું છે કે, હાલમાં વેચવામાં આવી રહેલા નુડલ્સને પરત ખેંચી લેવા કોઈપણ આદેશ મળ્યો નથી.

# છત્તીસગઢ કેબિનેટમાં ૩ પ્રધાનોનો સમાવેશ થયો

રાયપુર, તા. ૨૨

વર્ષ ૨૦૧૩માં સતત ત્રીજી વખત સત્તામાં આવ્યા બાદ છત્તીસગઢમાં ૧૮ મહિના જુની ભાજપ સરકારમાં પ્રથમ વખત વિસ્તરણની કવાયત હાથ ધરવામાં આવી હતી. જેના ભાગરૂપે આજે ત્રણ પ્રધાનોને રમણસિંહના નેતૃત્વમાં કેબિનેટમાં સામેલ કરાવામાં આવ્યા હતા. આની સાથે જ સંખ્યાબળ વધીને ૧૩ ઉપર પહોંચી ગયું હતું. રાજ્યપાલ બલરામજી દાસ ટંડને તમામ ત્રણેય પ્રધાનોને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. જે પ્રધાનોએ આજે શપથ લીધા હતા તેમાં ભાયાલાલ રજવાડે, દયાલદાસ વાઘલે અને મહેશ ગગડાનો સમાવેશ થાય છે. રાજભવનમાં દરબાર હોલમાં શપથવિધિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. શપથવિધિ કાર્યક્રમમાં મુખ્યમંત્રી રમણસિંહ, તેમના કેબિનેટના પ્રધાનો, અન્ય અધિકારીઓ, રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા. આ વિસ્તરણની સાથે જ રમણસિંહ કેબિનેટનું સંખ્યાબળ વધીને ૧૩ થઈ ગયું છે. ગગડાને બસ્તરમાંથી પાર્ટીના યુવા ચહેરા તરીકે ગણવામાં આવે છે. જ્યારે રજવાડેને સીનિયર નેતા તરીકે ગણવામાં આવે છે. ખાતાઓની ફાળવણી પણ તરત કરી દેવામાં આવી છે. છત્તીસગઢમાં રમણસિંહ સરકાર અસરકારક રીતે કામગીરી અદા કરી રહી છે.

# કોલસા કૌભાંડ કેસમાં જિન્દાલ કૌડા, અન્યોને આખરે જામીન

નવી દિલ્હી,તા. ૨૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ઉદ્યોગપતિ નવીન જિંદાલ, પૂર્વ કોલસા રાજ્ય પ્રધાન દશરી નારાયણ રાવ, ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મધુકૌડા અને અન્ય સાતને આજે કોલસા બ્લોક ફાળવણી કેસના સંદર્ભમાં ખાસ અદાલત દ્વારા જામીન આપી દેવામાં આવ્યા હતા. ખાસ સીબીઆઈ જજ ભરત પરાસર સમક્ષ આરોપી તરીકે જિંદાલ, રાવ, કૌડા, પૂર્વ કોલસા સચિવ હરિશચંદ્ર ગુપ્તા અને અન્યો ઉપસ્થિત રહ્યા હતા અને જામીનની માંગણી કરીને જુદી-જુદી અરજીઓ કરી હતી. સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકિલ રમેશ ગુપ્તા ઉદ્યોગપતિ જિંદાલ તરફથી ઉપસ્થિત રહ્યાહતા અને કોર્ટ સમક્ષ કહ્યું હતુંકે તેમના ક્લાઈન્ટ તપાસમાં સામેલ થઈ ચુક્યા છે અને સીબીઆઈ દ્વારા જ્યારે પણ બોલાવવામાં આવે છે ત્યારે ઉપસ્થિત થઈ રહ્યા છે. ન્યાયની પ્રક્રિયામાંથી તેઓ ભાગી જશે તેના માટે કોઈ કારણો નથી. અન્ય ૯ વ્યક્તિગત આરોપીઓ તરફથી કોર્ટમાં ઉપસ્થિત રહેલા વકિલોએ કોર્ટમાં કહ્યુંહતુંકે, તેમના ક્લાઈન્ટોની તપાસ દરમિયાન ધરપકડ કરાઈ નહતી. આ લોકો ફરાર થઈ જાય તેવી કોઈ શક્યતા નથી. વરિષ્ઠ પબ્લિક પ્રોસીક્યુટર વીકે શર્માએ જામીન અરજીનો વિરોધ કર્યોહતો અને કહ્યુંહતું કે આ કેસમાં આરોપી હાઈપ્રોફાઈલ ઉદ્યોગપતિ અને રાજકારણીઓ છે. મોટાભાગના પ્રોસીક્યુસન સાક્ષીઓ તેમના કર્મચારીઓ છે. તમામની રજુઆતો સાંભળ્યા બાદ ૧૦ વ્યક્તિગતોને કોર્ટે જામીન આપી દીધા હતા. કોર્ટે તેની પરવાનગી વગર ભારત ન છોડવા સુચના આપી હતી. આ મામલામાં વધુ સુનાવણી પહેલી જુનના દિવસે હાથ ધરવામાં આવશે. જિંદાલ, રાવ, કૌડા અને ગુપ્તા સિવાય અન્ય આરોપીઓ જેમને જામીન મળ્યા છે તેમાં રાજીવ જૈન, ગિરીશકુમાર, રાધાકૃષ્ણનો સમાવેશ થાય છે. આરોપી કંપનીઓમાં જિંદાલ સ્ટિલ, જિંદાલ રિયાલિટી પ્રાઈવેટ લીમિટેડ, ગગન ઈન્ફ્રા એનર્જી, સૌભાગ્ય મીડિયા લીમિટેડ,નવી દિલ્હી એક્ઝીમનો સમાવેશ થાય છે.